**હાથશાળ અને હસ્તકલાના કારીગરોને રાજ્યના મુખ્ય શહેરોમાં શોપીંગ મોલ / કોમર્શીયલ કોમ્પ્લેક્ષ તથા અન્ય સ્થળો મારફતે માર્કેટીંગ પ્લેટફોર્મ પુરૂ પાડવા અંગેની યોજના.**

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-BGT-૧૦૨૦૧૬-૯૬-(INC)-ખ
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૭-૫-૨૦૧૬

ઇન્ડેક્ષ્ટ-સી ગાંધીનગર.
તારીખ 27/5/2016
આવક 2981
સહી : R.D.C

27 JUN 2016

વંચાણે લીધાઃ -

(૧) ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ (ઇન્ડેક્ષ્ટ-સી) ની કચેરીની સીંગલ ફાઇલ સીસ્ટમથી તા.૨૭-૧-૨૦૧૬ અને તા.૫-૫-૨૦૧૬ના પત્રથી મળેલ દરખાસ્ત.

પ્રસ્તાવના:-

ગુજરાત સરકારના કુટિર અને ગ્રામોધોગ ખાતા હેઠળ કામગીરી કરતાં રાજયના હાથશાળ અને હસ્તકલાના કારીગરોને ઇન્ડેક્ષ્ટ-સી ધ્વારા રાજ્યના મુખ્ય શહેરોમાં શોપીંગ મોલ / કોમર્શીયલ કોમ્પ્લેક્ષ /નામાંકિત હોટલો મારફતે માર્કેટીંગ પ્લેટફોર્મ પુરૂ પાડવાના હેતુસર રાજયની હસ્તકલાને પ્રોત્સાહિત કરીને ગુજરાતની હાથશાળ-હસ્તકલા કારીગરીને જીવંત રાખવાનો તથા શહેરીજનોને સરળતાથી જાણવા, માણવા અને ઉપલબ્ધ કરાવવાની યોજના તૈયાર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ -

પુખ્ત વિચારણાને અંતે પ્રસ્તૃત દરખાસ્ત અન્વયે ગુજરાતના હાથશાળ અને હસ્તકલાના કારીગરોને રાજ્યના મુખ્ય શહેરોમાં શોપીંગ મોલ/કોમર્શીયલ કોમ્પ્લેક્ષ તથા અન્ય સ્થળો મારફતે માર્કેટીંગ પ્લેટફોર્મ પુરૂ પાડવા માટે અને તેમ કરીને રોજગારીની તકો પૂરી પાડવા માટે નીચે દર્શાવેલ શરત અને જોગવાઇને આધીન ખર્ચ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

યોજનાનો હેતુ:

સદર યોજના હેઠળહાથશાળ અને હસ્તકલાના કામગીરી કરનાર વ્યક્તિગત કારીગર તથા એન.જી.ઓ./ઔધોગિક સહકારી મંડળી/સંસ્થાઓ દ્વારા ઉપ્તાદીત માલના વેચાણ માટે રાજ્યના મુખ્ય શહેર જેવા કે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ વિગેરેના મુખ્ય શોપીંગ મોલ/કોમર્શીયલ કોમ્પ્લેક્ષ / નામાંકિત હોટલો / ઇન્ડેક્ષ્ટ-સી દ્વારા વેચાણ થઇ શકે તેવા નક્કી કરવામાં આવે તે સ્થળો ભાડેથી જગ્યા રાખી માર્કેટીંગ પ્લેટફોર્મ આપવાનો મુખ્ય ઉદ્દેશ છે.

હાથશાળ-હસ્તકલાના વ્યક્તિગત કારીગર તથા ઔધોગીક સહકારી મંડળી/એન.જી.ઓ/સંસ્થાઓ પાસેથી વાર્ષિક ધોરણે અરજીઓ મંગાવી તેમાંથી ક્રમાનુસાર અલગ અલગ ક્રાફ્ટ, જીલ્લા અને અગત્યતા ધ્યાને લઇ પસંદગી સમિતિ દ્વારા ૧૫-દિવસના સમયગાળા માટે વારાફરથી (રોટેશનથી) ડ્રો સીસ્ટમથી જગ્યા ફાળવવામાં આવશે. જે માટે સ્ટોલ ફી પેટે દૈનિક ₹.૧૫૦/- (એકસો પચાસ) લેખે સ્ટોલ ભાડુ લેવાનું ધોરણ રાખવામાં આવશે અન્ય તમામ ખર્ચ કારીગરે જાતે ભોગવવાનો રહેશે. લાઇવ ડેમોસ્ટ્રેશન કરાવવામાં આવશે તો નિયમ અનુસાર નક્કી કરવામાં આવેલ મહેનતાણું અલગથી ચૂકવવામાં આવશે. કારીગરની પસંદગી માટેના નિયમ ઇન્ડેક્ષ્ટ-સી દ્વારા નક્કી કરવામાં આવશે.

રાજયના મુખ્ય શહેરોમાં વેચાણ માટે ૧૫-૧૫ (પંદર-પંદર) દિવસના સમયગાળા માટે લાભાર્થીઓ/કારીગરોને, શોપીંગ મોલ / કોર્મશીયલ કોમ્પલેક્ષ /નામાંકિત હોટલો તથા વેચાણ થઇ શકે તેવા અન્ય સ્થળોએ મોકલવાના રહેશે. તેથી ૧૦ (દસ) શોપીંગ મોલ/કોર્મશીયલ કોમ્પલેક્ષ નામાંકિત હોટલોમાં પ્રતિ માસ લાભાર્થીની / કારીગરોની સંખ્યા ૨૦૦ (બસ્સો) રહેશે. આમ પ્રતિવર્ષ લાભાર્થી/ કારીગરોની સંખ્યા ૨૪૦૦ ની રહેશે.

શરતો:-

(૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં ઉધોગ અને અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ના ઠરાવક્રમાંક:- એસપીઓ-૧૦૨૦૧૫-૧૪૦૭-ચ, અને તા.૮-૭-૨૦૧૧ના ઠરાવક્રમાંક:-એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૫-ચ અન્વયે ઇ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(3) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરાઅનું રહેશે.

(૪) આ યોજનાનો ખર્ચ તા.૧-૪-૨૦૧૬ પછી થી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી હેઠળ નિયત કરવામાં આવેલ તમામ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ યોજના અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ની અંદાજપત્રિય જોગવાઇને અધિન અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) આ યોજના માટે પ્રવર્તમાન નિયમોને અધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૯) આ યોજનાના અમલીકરણ માટે નીચે જણાવેલ તમામ ૯ (નવ) જગ્યાઓના મહેકમની સેવાઓ આઉટસોર્સીગથી લેવાની રહેશે. માર્કેટીંગ વીંગની નવી બાબતનો સમાવેશ કરવાનો રહેશે.

| No. | Designation of the Post | No. of post |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 1 | Manager (Marketing) | 1 |
| 2 | Asst. Manager | 1 |
| 3 | Field Officer | 2 |
| 4 | Clerk Cum Computer Operator | 3 |
| 5 | Peon | 2 |
| | Total | 9 |

કારીગર પસંદગી અને સ્ટોલ ફાળવણી:-

(૧) ઇન્ડેક્ષ્ટ-સી ધ્વારા રાજયના મુખ્ય શહેરોમાં શોપીંગ મોલ/કોમર્શીયલ કોમ્પ્લેક્ષ / નામાંકિત હોટલો તથા ઇન્ડેક્ષ્ટ-સી દ્વારા વેચાણ થઇ શકે તેવા અન્ય જે સ્થળો નકકી કરવામાં આવે તે સ્થળોમાં હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે પ્રવૃતિ કરતી ઔધોગીક સહકારી મંડળીઓ,વ્યકિતગત કારીગરો,એન.જી.ઓ. ને સ્ટોલ ફાળવવા માટે મુખ્ય વર્તમાનપત્રોમાં જાહેરાત આપી ઇન્ડેક્ષ્ટ-સી ધ્વારા નિયત નમૂનામાં અરજીઓ મેળવવાની રહેશે. કુટિર ઉધોગ હેઠળ કામગીરી કરતાં જિલ્લા ઉધોગ કેન્દ્રો તથા બોર્ડ/નિગમ અને નામાંકિત હાથશાળ-હસ્તકલાની એન.જી.ઓ. ને અલગથી પણ જાણ કરવાની રહેશે.

(૨) પસંદગી સમિતી ધ્વારા ક્રાફટવાઇઝ કારીગર/સંસ્થાની પસંદગી કરવામાં આવશે. લુપ્ત થતી ક્રાફટ પૈકીના કારીગરની પસંદગીને અગ્રતા આપવામાં આવશે. કમિશનર કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા પસંદગી સમિતીની રચના કરવાની રહેશે.

(૩) પસંદગી સમિતી દ્વારા જાહેરાત તથા અન્ય સ્ત્રોતથી અરજીઓ મેળવી કારીગરોની યાદી તૈયાર કરવાની રહેશે.

(૪) કારીગર/સંસ્થા દ્વારા સ્ટોલ ભાડા તરીકે પ્રતિ દિન ₹. ૧૫૦/- (એકસો પચાસ) અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા જે નક્કી કરવામાં આવે તે ભાડું ભરવાનું રહેશે.

(૫) કારીગરે તેમના વતનથી વેચાણના સ્થળે આવવા-જવા માટેનો ખર્ચ પોતે ભોગવવાનો રહેશે.

(૬) ઇન્ડેક્ષ્ટ-સીને યોગ્ય કારણો જણાય તેવા સંજોગોમાં કોઇપણ કારીગરને આપેલ સ્ટોલ રદ કરી શકશે.

(૭) શોપીંગ મોલમાં ઉત્કૃષ્ઠ કારીગરો ધ્વારા પોતે ઉત્પાદિત કરેલ ચીજવસ્તુઓનું જ વેચાણ કરવામાં આવે તેના યોગ્ય અમલીકરણ માટે જરૂરજણાયે ઇન્ડેક્ષ્ટ-સી અન્ય શરતો નકકી કરી શકશે.

(૮) હાથશાળ-હસ્તકલાની ચીજવસ્તુઓ જ સ્ટોલ પસંદગી માટે પાત્ર ગણાશે.

(૯) આ અંગેનો થનાર ખર્ચ ઇન્ડેક્ષ્ટ-સીને જે તે વર્ષ માટે ફાળવેલ બજેટ જોગવાઇ મુજબ નીચે જણાવેલ સદરે ખર્ચ પાડવાનો રહેશે.

| | |
|---|---|
| યોજનાનું નામ | ઇન્ડેક્ષ્ટ-સીને સહાય |
| માંગણી નંબર | ૪૯ (જનરલ પ્લાન) |
| મુખ્ય બજેટ સદર | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉધોગો |
| ગૌણ સદર | ૮૦૦ - અન્ય ખર્ચ |
| પેટા સદર | (૦૯) -IND-23 ઇન્ડેક્ષ્ટ-સીને નાણાંકીય સહાય |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૧-૬-૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી તેમજ તેમના નામે,

(ડી.કે.રાઠોડ )
ઉપ સચિવશ્રી
ઉદ્યોગ અને ખાણવિભાગ.
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી,(કુટિર ઉધોગ) ના અંગત સચિવશ્રી,સચિવલાય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી, (કુટિર ઉધોગ) ના અંગત સચિવશ્રી,સચિવલાય,ગાંધીનગર.

- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ,સચિવલાય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (કુટિર ઉધોગ) ના રહસ્ય સચિવશ્રી,સચિવલાય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગ, ઉધોગ ભવન, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ઉધોગ), સચિવલાય, ગાંધીનગર
- કાર્યવાહક નિયામકશ્રી, ઇન્ડેક્ષ્ટ-સી, ઉધોગભવન, ગાંધીનગર
- નિયામકશ્રી,હિસાબી અને તિજોરી, ગાંધીનગર
- એકાઉન્ટટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- નાણાં શાખા,ઉધોગ અને ખાણ વિભાગ,ગાંધીનગર
- બજેટ શાખા,ઉધોગ અને ખાણ વિભાગ,ગાંધીનગર
- પસંદગી ફાઇલ.